**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૫/૦૧/૨૦૨૩ થી તા. ૨૧/૦૧/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૨/૨૦૨૩ તા.૧૫/૦૧/૨૦૨૩ :-**

તા. ૧૫/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.સ્ટે. ખાતે હાજર હતા તે વખતે પ્લે.નં. ૪ ઉપર બે બાળકો એકલા બેઠેલ જોવામા આવતા તેઓના વાલીવારસો અંગે પુછપરછ કરતા જણાવેલ કે તેઓના માતાપિતા નાસ્તો લેવા ગયેલ છે તેમ જણાવતા તેમની રાહ જોતા તેઓ પાસે ઉભા રહેલ પરતુ ઘણો સમય થતા કોઇ ન આવતા તેઓને વિશ્વાસમાં લઇ સુરત રે.પો.સ્ટે. લાવી તેઓનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) અબ્દુલ રઉફ સ/ઓ મોહમદ હબુલ જાતે શેખ ઉ.વ. ૧૭ ધંધો અભાસ મુળ રહે બનિયા ટોલી ભેલાગંજ કટહારિ બસોઇઘાટ બિહાર હાલ રહે આશારામ બિલ્ડીગ ફાતેમાં મસ્જીદની પાસે લાલમીયા મસ્જીદ રામપુરા સુરત (૨) દિનલનવાઝ મોહમદ હસનેને જાતે શેખ ઉ.વ ૧૩ મુળ રહે બનિયા ટોલી ભેલાગંજ કટહારિ બસોઇઘાટ બિહાર હાલ રહે આશારામ બિલ્ડીગ ફાતેમાં મસ્જીદની પાસે લાલમીયા મસ્જીદ રામપુરા સુરત વાળા હોવાનુ અને અમો અમારા મામાની ઘરે ફરવા માટે આવેલ હતા અને આજરોજ બપોરના અમો બન્ને ભાઇ જમીને ફરતા ફરતા સુરત રેલ્વે સ્ટેશન આવેલ હોવાનુ જણાવતા તેમની પાસેથી તેમના મામાનો સંપર્ક નંબર મેળવી તેમની સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે બપોરના જમીને કામ કરવા જતા રહેલ હતા અને બન્ને બાળકોને ઘરે રહેવા જણાવેલ હતુ તેઓ ઘરેથી ક્યારે નીકળી ગયા તેની ખબર ન હોવાનુ જણાવેલ અને તેઓ સુરત રે.પો.સ્ટે. ખાતે લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકોનો કબ્જો તેના મામા મહમદ રમઝાન સ /ઓ મહમદ મન્સુરઆલમ જાતે શેખ ઉ. વ. ૩૧ ધંધો મજુરી રહે મુળ રહે બનિયા ટોલી ભેલાગંજ કટહારિ બસોઇઘાટ બિહાર હાલ રહે આશારામ બિલ્ડીગ ફાતેમાં મસ્જીદની પાસે લાલમીયા મસ્જીદ રામપુરા સુરત નાઓને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૬/૨૦૨૩ તા.૧૬/૦૧/૨૦૨૩ :-**

તા.૧૬/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે પ્લે.નં. ૧ ના છેડા ઉપર એક બાળક જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેઓના માતાપિતા મરણ ગયેલ છે અને તેના મામા ભરૂચ રહે છે તેમ જણાવતો હોય તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ આરીફ સ/ઓ અકબર જાતે શા ઉ.વ. ૧૩ ધંધો અભ્યાસ રહે યાકુબ ચોલ રૂમ નં ૮ સુની મસ્જીદ કલ્યાણ મુબંઇ મહારાષ્ટ્ર હાલ સરકારી હોસ્પીટલ પાસે નેત્રંગ જી ભરૂચ વાળો હોવાનુ જણાવતા સદર બાળક બાબતે ભરૂચ એ.ડિવીઝન પોલીસ સ્ટેશન તથા બી ડિવીઝન પોલીસ સ્ટેશનમાં તપાસ કરતા તેના વાલીવરસો મળી આવેલ ન હોય સદર બાળકને વિશ્વાસમાં લઇ તેના મામાનો સંપર્ક નંબર મેળવી ફોન કરતા તેમની પાસેથી બાળકની માતાનો સંપર્ક નંબર મેળવી તેની માતા સાથે વાત કરતા તેઓએ જણાવેલ કે મારા દિકરાને ભણવા માટે તેના નાના-નાની પાસે નેત્રંગ મુકેલ હતો અને બે દિવસથી તે રાત્રીના મોડો આવતો હતો જેથી તેના મોટાભાઇએ તેને ભણવા બાબતે ઠપકો આપતા આજરોજ સવારના ઘરેથી સ્કુલે જવાનુ કહીને નિકળી આવેલ છે તેના માતાપિતા તથા પરીવાર બાળકને શોધી રહ્યુ છે જેથી તોના ભાઇ નામે મોહમદઅલી સ/ઓ મોહમદજમીલ જાતે શા નાઓ નો મો નં ૯૦૫૪૭૯૬૧૫૯ નંબર આપતા તેઓને જણ કરતા તેઓ નેત્રંગથી લેવ માટે સુરત રે.પો.સ્ટે. આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેના મામાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : 30/૨૦૨૩ તા.૧૭/૦૧/૨૦૨૩ :-**

તા. ૧૭/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ તથા વુ.પો.કો. દુર્ગાબેન ધીરૂભાઇ નાઓ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે પ્લે નં ૨/3 ના વડોદરા સાઇડના છેડા પાસે પાર્સલ પાસે ત્રણ બાળકો એકલા બેસેલ હોઇ તેઓના વાલીવારસો વિશે પુછપરછ કરતા તેઓ...

...જણાવેલ કે અમો અમારા ઘરે કોઇને જાણ કર્યા વગર સુરત રેલ્વે સ્ટેશન આવેલ હોવાનુ જણાવતા તેઓને સુરત રે.પો.સ્ટે. બાળકોને લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) ઇસ્તીયાક સ/ઓ ઇમ્તીયાઝ જાતે તૈયર ઉ.વ. ૧૬ ધંધો અભ્યાસ રહે બક્ષીની વાડી સલાબતપુરા સુરત (૨) અબ્દુલ રઝાક સ/ઓ શબ્બીર જાતે આમદ ઉ. વ. ૧૫ ધધો અભ્યાસ રહે બક્ષીની વાડી સલાબતપુરા સુરત (૩) અહેમદ સ/ઓ નદીમ જાતે અંસારી ઉ.વ.૧૨ ધંધો અભ્યાસ વાળા હોવાનુ અને અમો અમારા રહેણાકના ઘરેથી ચાર્ટડ બાઇક જેવી એસ.એમ.સી સુરત શહેર નાઓએ સલાબતપુરા પોલીસ ચોકીની સામે મુકવામાં આવેલ જે સાઇકલ લઇને અમે ત્રણેય ફરવા નિકળી ગયેલ જે બાબતે ત્રણેય બાળકોના માતાપિતાના સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે તેઓના ત્રણેય છોકરા મદ્રેસામાં ભણવા ગયેલ અને ત્યાંથી ક્યારે નીકળી ગયેલ તેની અમને ખબર નથી તેમ જણાવી સુરત ખાતે લેવા માટે આવતા તેઓના નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી ત્રણેય બાળકોનો કબ્જો તેઓના વાલીવારસોને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા નોધ કરવામા આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : 0૩/૨0૨૩ તા.૧૮/0૧/૨0૨૩ :-**

તા. ૧૮/0૧/૨0૨૩ ના રોજ ચાઇલ્ડ લાઇન ટીમના સભ્યને એક બાળક મળી આવતા જેને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન લાવી પી.એસ.ઓ. પાસે રજુ કરતા બાળકનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નંદકિશોર સ/ઓ પિંટુભાઇ ઉ.વ ૧૧ રહે વાપી વાળા હોવાનુ જણાવેલ અને સદર બાળકની માતા મરણ ગયેલ હોય અને તેના પિતા દારૂ પીને મારતા હોય જેથી તે સને ૨0૨૨ માં પણ ઘરેથી ભાગીને આવેલ અને ચિલ્ડ્રન હોમ કતાર ગામ ખાતે મુકવામાં આવેલ બાદ સંસ્થા વાળા બાળકને તેના પિતાને સમજાવી બાળકનો કબ્જો તેના વાલીવારસોને સોપવામાં આવેલ હતો સદર બાળકના પિતા ફરી મારઝુડ કરતા હોય જેથી તે તા ૧૮/0૧/૨0૨૩ ના રોજ પરત ભાગીને સુરત રેલ્વે સ્ટેશન આવેલ અને ઘરે જવાની ના પાડતો હોય જેથી તેને શ્રી વી.આર.પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ જે બાબતે સ્ટે.ડા.માં નોધ કરવામાં આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૩૪/૨0૨૩ તા.૧૮/0૧/૨0૨૩ :-**

તા. ૧૮/0૧/૨0૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે એક બાળક ઓવર બ્રીજ ઉપર એકલો બેસેલ હોય જેને પુછપરછ કરતા તેઓ જણાવેલ કે તેઓ તેના વતનથી સુરત આવેલ અને તેના ફોઇ કીમ રહે છે જેથી તેના ઘરે જવા આવેલ છુ પરંતુ મારા ફોઇના ઘરનુ સરનામુ ભુલી ગયેલ જેથી તેને પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ રજીતકુમાર કમલેશ ધૌરાહરા ઉ.વ. ૧૬ ધંધો મજુરી રહે સંતકબીર રોડ ડીધા, ઉત્તર પ્રદેશ વાળા હોવાનુ અને અમારા વતનામાં કામ ધંધો ન હોવાથી મારા ફોઇએ મારા પપ્પાને જણાવેલ કે રંજીતકુમારને કિમ મોકલી આપો કામ ધંધો કરશે અને મારી પાસે રહેશે તેમ જણાવતા તેના પિતાએ તેને વતનથી ટ્રેનમાં બેસાડેલ પરતુ તે તેના ફોઇના ઘરનુ સરનામુ ભુલી ગયેલ હતો જેથી કિમ પોલીસ સ્ટેશનનો ફોન ઉપર સંપર્ક કરી સદર બાળકના ફોઇ નામે રૂધાવતે વા/ઓ રામદાસ ઉ.વ. ૪૫ ધંધો ઘરકામ રહે હાલ શંભુપ્રસાદ બિલ્ડીગ કિમ ફાટક પાસે નાઓના જણાવેલ સરનામે તપાસ કરી મળી આવે જાણ કરવા જણાવેલ. બાદ સદર બાળકના ફોઇનો સંપર્ક નંબર ૯૯૭૪૩૧૬૭૦૬ કિમ પોલીસ સ્ટેશનથી મળી આવતા તેને જાણ કરતા તેઓ સુરત રે.પો.સ્ટે. લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબ્જો તેની ફોઇને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૬) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૮/૨૦૨૩ તા.૧૯/૦૧/૨૦૨૩ :-**

તા. ૧૯/૦૧/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ તથા વુમનપો.કો. દુર્ગાબેન ધીરૂભાઇ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે એક બાળકી પ્લે નં ૨ ઉપર એકલી બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તે પોતાના ઘરેથી ભુલથી નીકળી આવેલ અને ચિંચવડ રેલ્વે સ્ટેશન આવેલ અને ટ્રેનમા બેસેલ હતી અને સુરત રેલ્વે સ્ટેશન આવી ગયેલ હતી બાદ સદર બાળકીને સુરત રે.પો.સ્ટે. લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ શીલા ડો/ઓ સુનિલભાઇ જાતે જપ્તાપ ઉ.વ. ૧૪ ધંધો અભ્યાસ રહે દળવીનગર ચિંચવડ રેલ્વે સ્ટેશન બાજુમા ફુટપાથ ઉપર મહારાષ્ટ્ર વાળી હોવાનુ જણાવતા તેના જણાવેલ સરનામે ચિંચવડ પોલીસ સ્ટેશનના વુ.હે.કો. સુભાંગી બાવીસ્કર નાઓ સાથે ફોન ઉપર સંપર્ક કરી વાતચીત કરતા તેઓએ જણાવેલ કે સદર બાળકીના માતાપિતાની તપાસ કરાવી જાણ કરવા જણાવેલ. જેથી સદર બાળકીના માતાપિતા ન આવે ત્યા સુધી તેને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાદેર સુરત ખાતે મુકવામાં આવેલ જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ.

**(૭) સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૩૦૦૭૫/૨૩ NDPS Act, કલમ ૮(સી), ૨૦ (બી-ii), ૨૯ મુજબ તા. ૨૧/૦૧/૨૦૨૩ :-**

સુરત રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૫૧૨ ૩૦૦૭૫/૨૩ NDPS Act, કલમ ૮(સી), ૨૦ (બી-ii), ૨૯ મુજબનો ગુનો તા.૨૧/૦૧/૨૩ ના કલાક ૦૭/૧૪ વાગે સુરત રે.સ્ટે. પ્લે.નં.૧ ના મધ્ય ભાગે આવેલ ટુ-વ્હીલર પાર્કિંગની સામે બહાર નીકળવાના રસ્તા પાસે બનવા પામેલ છે આ કામના આરોપીએ પોતાના આર્થિક લાભ માટે પરપ્રાંતમાંથી ગે.કા. રીતે ૮.૧૬૬ કિ.ગ્રા. ગાંજો કિંમત રૂા. ૮૧,૬૬૦/-, એક બેકપેક કિ. રૂા. ૨૦૦/-, અંગ ઝડતીમાંથી રોકડ રૂપિયા ૧૫૫૦/-, ઓપો કંપનીનો મો.ફોન કિં.રુા. ૫,૦૦૦/- રેલ્વેની ટિકિટ કિ.રૂ.૦૦/- પરચુરણ કાગળો મળી કુલ કિં.રૂા. ૮૮,૪૧૦/- નો ગાંજાનો જથ્થો રેલ્વે ટ્રેન મારફતે આયાત કરી લઇ જતા પકડાઇ જતા તા.૨૧/૦૧/૨૩ ના કલાક ૧૪/૫૦ વાગે ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
( એસ.ડી. ભટ્ટ )
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા